પ્રાંતિજમાં ફાયનાન્સ પેઢીમાં તસ્કરો ત્રાટક્યા

દુકાનનુ શટરનુ તાળુ તોડી ૮૦૦ કિલોની તિજોરી ઉઠાવી ગયા : એક લાખની તિજોરી સહિત અંદાજે ચાર લાખ મત્તાની ચોરી

પ્રાંતિજ, તા. ૧૭

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ એપ્રોચ રોડ ઉપર આવેલ ઉમીયા ફાયનાન્સ પેઢીમાં રાત્રીના સમયે તસ્કરો ત્રાટકતા શટરનુ તાળુ તોડી અંદરથી આખીને આખી તિજોરી ચોરી ગયા.

(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

મળતી માહિતી મુજબ પ્રાંતિજ ઉમીયા ફાયનાન્સમાં રાત્રીના સમયે તસ્કરો દ્વારા દુકાનનાં તાળા તોડી અંદર પ્રવેશ કરી સામાન વેરવિખેર કરી અંદર રહેલ આઠસો કિલોની તિજોરી આખીને આખી ઉઠાવી ગયા હતા. જ્યારે સવારના સમયે બાજુમાં રહેતા લોકોને ખબર પડતા તે અંગેની જાણ ફાયનાન્સ પેઢીના માલિકને કરતાં તેવો તાત્કાલિક સ્થળ ઉપર દોડી આવ્યા હતા અને તેવોએ પોલીસને જાણ કરતા પોલીસ પણ ઘટનાસ્થળે દોડી આવી હતી. જ્યારે આજ વિસ્તારમાંથી ફન્ટીકાર નંબર-જીજે ૧૮એ-૩૭૬૧ની ચોરી થઈ હતી અને કાર અને તિજોરી સવારના પ્રાંતિજથી ૧૨ કિલોમીટર દૂર અલગ અલગ જગ્યાએથી મળી આવ્યા હતા. જેમાં ફન્ટીકારની ચોરી માત્ર ગુમરાહ કરવા માટે થઈ હોય તેવું હાલ તો જણાઈ આવે છે. જ્યારે પ્રાંતિજથી તલોદ મજરારોડ કરોલ ડેમ પાસે આવેલ અવાવરૂ જગ્યાએથી તિજોરી મળી આવી હોવાનું જાણવા મળે છે. જ્યારે તિજોરીની કિંમત એક લાખ તથા અંદર રહેલ કુલ અંદાજે ત્રણ લાખ મળીને કુલ ચાર લાખની મુદ્દામાલ તસ્કરો ઉઠાવી ગયા હતા. જ્યારે ધર્મેન્દ્ર દવજીભાઈ પટેલ તથા કાર માલિક સુખરામ મારવાડીની ફરીયાદના આધારે પ્રાંતિજ પોલીસે ગુનો નોંધી પ્રાંતિજ પી.આઈ. ભરતભાઈ પટેલ, મનહરભાઈ શર્મા, ભગવાનભાઈ દ્વારા સ્થળ ઉપર જઈ ડોગસ્કોડની મદદ લઈ તસ્કરોને પકડવાની તજવીજ હાથ ધરી છે.

પ્રાંતિજમાં શનિ જયંતિ ઉજવાઈ સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ ઉપર આવેલ શનિદેવના મંદિર ખાતે શનિભકતો ઉમટી પડયા હતા. પ્રાંતિજમાં શનિજયંતિ નિમિત્તે વહેલી સવારથી જ પ્રાંતિજ હાઈવે ઉપર આવેલ શનિદેવના વિશાળ મંદિર ખાતે શનિભકતોનો ધસારો જોવા મળ્યો હતો અને ભકતો દ્વારા તેલ ચઢાવવામાં આવ્યું હતું. અને દિવસ દરમિયાન યજ્ઞ તથા સુંદરકાંડનું આયોજન તથા વિવિધ કાર્યક્રમો યોજાયા હતા. જ્યારે આજુબાજુમાંથી લોકોનો દિવસ દરમિયાન મંદિરમાં ધસારો જોવા મળ્યો હતો અને ભગવાન શનિદેવના દર્શન કરી શનિભકતોએ ધન્યતા અનુભવી હતી. **(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)**

મોટી ઈસરોલ ગામે મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો

મોડાસા, તા. ૧૭

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના મોટી ઈસરોલ ગામે ત્રિદિવસીય મોટેશ્વર મહાદેવ તથા કષ્ટભંજન હનુમાન દાદાનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો હતો. જેમાં મહોત્સવના ત્રીજા દિવસે પૂર્ણાહૂતિના દિવસે સમગ્ર અરવલ્લી જિલ્લાના ભક્તજનો ઉમટી પડ્યા હતા.

મોડાસા તાલુકાના મોટી ઈસરોલ ગામે ગ્રામજનોના ઉપક્રમે નવનિર્મિત ભગવાન ભોળાનાથ મોટેશ્વર મહાદેવ મંદિરે અને હનુમાનજી મંદિરે ત્રિ-દિવસીય મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવવામાં આવ્યો હતો. પૂર્ણાહૂતિના દિવસે ગામના વડીલો, યુવાનોએ ભારે ધામધૂમપૂર્વક દેવાધિદેવ મહાદેવ તથા કષ્ટભંજન હનુમાન દાદાની મૂર્તિઓની પ્રાણ પ્રતિષ્ઠા કરાઈ હતી. પૂર્ણાહૂતિના પ્રસંગે સમગ્ર ગ્રામજનો તેમજ અરવલ્લી જિલ્લાના શિવભક્તો અને હનુમાન ભક્તો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. આ પ્રસંગે પ્રધુમનાભાઈ શાસ્ત્રી (સાડોઈ ગાયત્રી આશ્રમ), મોડાસાના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોર, જિલ્લા સદસ્ય અરૂણભાઈ પટેલ, અરવલ્લી જિલ્લા પંચાયત પ્રમુખ નેહાબેન પટેલ, નિલેષભાઈ જોષી (જીવદયાપ્રેમી), સા.કાં. બેંક ડિરેક્ટર પંકજ પટેલ તેમજ વિવિધ સમાજના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમના આયોજક સદાભાઈ ધર્માભાઈ પટેલ તેમજ સેવા મંડળીના ચેરમેન પ્રભુદાસ પટેલ અને વા. ચેરમેન રાજેશ પટેલ અને તેમની ટીમ દ્વારા ત્રિદિવસીય મહોત્સવને સફળ અને સંપન્ન બનાવવા માટે જહેમત ઉઠાવી હતી.

કોંગ્રેસના મહામંત્રી મધુસુદન મિસ્ત્રીએ મોડાસાની મુલાકાત લીધી

(તસવીર : જીતેન્દ્ર પટેલ, મોડાસા)

મોડાસા, તા. ૧૭

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરની મુલાકાતે ઓલ ઈન્ડિયા કોંગ્રેસના મહામંત્રી મધુસુદન મિસ્ત્રી આવ્યા હતા. જેમાં તેઓએ દેશના વડાપ્રધાન મોદી સામે તીખા પ્રહારો કર્યા હતાં.

મોડાસાની મુલાકાત દરમિયાન મધુસુદન મિસ્ત્રીએ તીખી ટકરો કરતા જણાવ્યું હતું કે વડાપ્રધાન જયારે પણ વિદેશ પ્રવાસે જાય છે ત્યારે વિદેશ પ્રધાનને સાથે નહી રાખી પોતે સરમુખત્યાર શાહી પધ્ધતિથી શાસન ચલાવવા માંગે છે તે સ્પષ્ટ દેખાય છે અને ભારતમાં આવવા વિદેશી કંપનીઓને આમંત્રણ આપી પોતે ચૂંટણી માં મસ મોટું ફંડ એકઠું કરી રહ્યા છે. આમ વડાપ્રધાન મોદીની વિદેશ નીતિ ભારત દેશના ભાવિ માટે યોગ્ય નથી અને તેનું પરિણામ આવનાર સમય માટે સારું નહીં જ હોય તેવી પ્રતિક્રિયા આપી હતી અને આવનારા દિવસોમાં કોંગ્રેસ દ્વારા ભાજપને ટકકર આપવામાં આવશે.

મોડાસા તાલુકાના પ્રાથમિક શિક્ષકોનો પગાર ન થતાં હાલત કફોડી

તાલુકાના પ્રાથમિક શિક્ષણ અધિકારીની નબળી કામગીરીથી શિક્ષકોમાં રોષ : ૧૬ તારીખ સુધી પગાર ન થતાં શિક્ષકો મુંજવણમાં મુકાયા

મોડાસા, તા. ૧૭

મોડાસા તાલુકાના પ્રાથમિક શિક્ષણાધિકારી કચેરીના સ્ટાફની અણાવડતના કારણે પ્રાથમિક શિક્ષકોના પગાર આજદિન સુધી ન થતાં લગ્નની સિઝનમાં શિક્ષકોની હાલત કફોડી બની છે. તેથી તાત્કાલિક યોગ્ય પગલા લઈ પગાર ચુકવવામાં આવે તેવી માંગ શિક્ષકો કરી રહ્યા છે.

મોડાસા તાલુકામાં ૧૨૫૦થી વધુ શિક્ષકો પ્રાથમિક શાળામાં ફરજ બજાવે છે. જેમના પગાર નિયમિત રીતે દર માસની ૮ થી ૧૦ તારીખની વચ્ચે થઈ જતો હોય છે. જ્યારે હાલના તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીએ જ્યારથી ચાર્જ સંભાળ્યો છે ત્યારથી તાલુકા શિક્ષણાધિકારી કચેરીના કર્મચારીઓ આળસુ થઈ ગયા હોય તેમ ૧૬મી તારીખ થઈ હોવા છતાં આજદિન સુધી પ્રાથમિક શિક્ષકોનો પગાર થયો નથી જેના લીધે શિક્ષકોમાં અસંતોષ ફેલાયો છે.

મોડાસા તાલુકાના એક શિક્ષકે નામ ન આપવાની શરતે જણાવ્યું હતું કે અત્યારે લગ્નસરાની સિઝન પુરબહારમાં ચાલી રહી છે. ત્યારે અમારા જેવા શિક્ષકોના પરિવારોમાં લગ્ન લેવાયા હોવાથી સામાજીક પરંપરા મુજબ વિવિધ ખર્ચ કરવાનો હોય છે. ત્યારે જ પગાર ન થતાં શિક્ષકોની હાલત કફોડી બની ગઈ છે. જ્યારે વેકેશન હોવા છતાં પગારના અભાવે વેકેશનની મજા બગડી ગઈ છે. અને ક્યાંય ફરવા પણ જઈ શકાતુ નથી. તાલુકાના પ્રાથમિક શિક્ષકોનો પગાર જલ્દી થાય તે માટે તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી યોગ્ય પગલા ભરી તાત્કાલિક પગાર કરાવે તેવી તાલુકા પ્રાથમિક શાળાઓના શિક્ષકોએ માંગ કરી છે.

હિંમતનગર શહેરની અક્ષર સોસાયટીમાં તસ્કરોનો હાથફેરો

હિંમતનગર, તા. ૧૭

હિંમતનગર શહેરમાં આવેલી અક્ષર સોસાયટીમાં શનિવારે રાત્રે તસ્કરોએ તાળુ તોડી તિજોરીમાં રાખેલ રોકડ રકમ તથા સોનાચાંદીના દાગીના મળી રૂા.૧૭૫૦૦ની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. બનાવ અંગે હિંમતનગર ટાઉન પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

આ અંગેની વિગત એવી છે કે અક્ષર સોસાયટીમાં રહેતા હરેશભાઈ દશરથભાઈ રાવ છેલ્લા કેટલાક દિવસથી પોતાના પરિવાર સાથે પોતાના વતન ભિલોડા ખાતે લગ્ન પ્રસંગમાં ગયા હતા. બંધ મકાનમાં શનિવારે રાત્રે કોઈ અજાણ્યા ચોર ઈસમોએ તાળુ તોડી ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાં રાખેલ રોકડ રકમ તથા દાગીના મળી કુલ રૂા.૧૭૫૦૦ની ચોરી કરી હતી. જે અંગે હિંમતનગર એડીવીઝન પોલીસ મથકમાં હરેશભાઈ દશરથભાઈ રાવે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.



અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકના લીંભોઈ ગામમાં આવેલા શ્રી વાડીનાથ હનુમાનજી પંચદેવ એવમ શનિદેવ મંદિર લીંભોઈમાં આજે શનિજયંતિ હોવાથી શનિદેવ મંદિરમાં શનિદેવના ભકતજનો દ્વારા ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. જેમાં શનિદેવને અભિષેક, શણગાર, છપ્પનભોગ તથા ૧૦૮ દિવડાની આરતીનું આયોજન લિંભોઈ ગામના ગ્રામજનો તથા શ્રી શનેશ્વર ગ્રુપ મુલુંદ, મુંબઈથી આવેલા ભકતજનો દ્વારા શનિજયંતિ ઉજવવામાં આવી હતી.

(તસવીર : બાબુભાઈ પટેલ)

ગાજણ ટોલટેક્સ નજીક આયશર ટ્રકે પલટી મારી : ડ્રાયવર ગંભીર

અરવલ્લી જિલ્લાના મોડાસા-શામળાજી ધોરીમાર્ગ પર આજે સવારે મુંબઈથી ઉદયપુર તરફ જઈ રહેલા આયશર ટ્રકના ચાલકે ગાજણ ટોલપ્લાઝા નજીક આયશર ટ્રક પુરપાટ ઝડપે હંકારી ગફલતભરી રીતે વળાંક લેતા ટોલબુથ આગળ ડિવાઈડર તોડીને ત્રણ પલટી ખાઈ ગઈ હતી. જેમાં આઈશર ટ્રક (ગાડી નં. એચઆર-૧૩-ટી-૬૭૮૨)ના ચાલકને શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા ટોલપ્લાઝાના કર્મચારીઓ અને ગાજણ ગામના લોકોએ ટ્રકમાંથી બહાર કાઢી ટોલપ્લાઝાની એમ્બ્યુલન્સમાં મોડાસાની સાર્વજનિક હોસ્પિટલમાં ખસેડાયો હતો. **(તસવીર : જય અમીન, મોડાસા)**

હે ભગવાન, અમે તમારી દાનપેટી તોડીએ છીએ : તસ્કરોએ પૂજા સાથે પ્રાર્થના કરી

બાયડમાં તસ્કરોની ધર્મભાવના જોઈ ગામલોકો આશ્ચર્યચકિત : સાંઈ મંદિર અને વૈષ્ણોદેવી મંદિરમાંથી રૂપિયા ૧૦ હજારની મત્તા ચોરી ગયા

બાયડ, તા.૧૭

બાયડ ટાઉનમાં તસ્કરોએ બે મંદિરોને નિશાન બનાવ્યા છે. ચોઈલા રોડ પર સાંઈ મંદિર અને ડેમાઈ રોડ પર આવેલા વૈષ્ણોદેવી મંદિરમાંથી દાનપેટી તોડી અંદરથી રૂ.૧૦ હજારની રોકડ અને ચાંદીની ચીજવસ્તુઓ ચોરી ગયા હતા. આશ્ચર્યજનક બાબત એ ધ્યાને આવી હતી કે તસ્કરોએ શુક્રવારે રાત્રે સાંઈમંદિરનાં તાળા તોડી અંદર ઘૂસ્યા બાદ બહુચર માતાની આગળ બેસી શ્રીફળ મૂકી પૂજાઅર્ચના કરેલી છે. આ દ્રશ્ય જોતાં મંદિરના પૂજારી પણ દંગ રહી ગયા હતા.

(તસવીર : સમીર બલોચ, મોડાસા)

આ અંગે મળેલ માહિતી મુજબ બાયડના ચોઈલા રોડ પર આવેલા સાંઈમંદિર તથા ડેમાઈ રોડ પર આવેલા વૈષ્ણોદેવી મંદિરને શુક્રવારે રાત્રે તસ્કરોએ નિશાન બનાવ્યા હતા અને બંને મંદિરનાં તાળાં તોડી અંદર પ્રવેશી દાનપેટી તોડી નાખી તેમાંથી રોકડ રકમ તથા ચાંદીની કેટલીક વસ્તુઓ મળી કુલ રૂ.૧૦ હજાર ઉપરાંતની માલમત્તા ચોરી ગયા હતા. આ અંગે શનિવારે સવારે પૂજારી પૂજા માટે આવ્યા ત્યારે ખબર પડી હતી. આ વાત સ્થાનિક લોકોમાં ફેલાતાં ભયનો માહોલ ખડો થયો હતો. એકબાજુ પોલીસ નાઈટ પેટ્રોલીંગમાં હોવા છતાં તસ્કરોએ બબ્બે મંદિરમાં હાથ મારી પોલીસને પડકાર ફેક્યો છે. આ મામલે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

તસ્કરોએ સાંઈમંદિરનાં તાળા તોડી અંદર શાંતિથી બહુચર માતાની મૂર્તિ આગળ બેસી શ્રીફળ મૂકી પૂજા અર્ચના કર્યા બાદ ચોરીને અંજામ આપ્યો હતો.

હિંમતનગરના રાજપુરથી ચોટીલા પ્રજાપતિ પરિવાર માનતા પૂર્ણ કરવા જતા બાવળા નજીક અકસ્માત

બાવળા નજીક અજાણ્યા વાહને ઉભી રહેલી જીપ અને કારને ટક્કર મારતા ત્રણના મોત : છને ઈજા

હિંમતનગર, તા.૧૭

અમદાવાદના બાવળા નજીક શનિવારે રાત્રે ચોટીલા માનતા પૂર્ણ કરવા નીકળેલ પ્રજાપતિ પરિવાર ની જીપનું ટાયર પંચર પડતા ટાયર બદલતા સમયે કોઈ અજાણ્યા વાહને ઉભી રહેલ જીપ અને કારને ટક્કર મારી નાસી ગયેલ આ અકસ્માતમાં જીપ ચાલક અને પરિવારના બે સહીત ત્રણ ના સ્થળ પર મોત નીપજયા હતા જયારે છ વ્યક્તિઓને ઈજાઓ થઈ હતી. આ અંગે બાવળા પોલીસ મથકે ઘટતી કાર્યવાહી હાથ ધરી હતી. ત્રણેય મૃતદેહોને વતને રવિવારે સવારે લાવીને અંતિમવિધિ કરવામાં આવી હતી.

આ અંગેની વિગત આપતા વિષ્ણુભાઈ પ્રજાપતિએ જણાવ્યું હતું કે હિમતનગર તાલુકાના રાજપુર ગામના કમલેશભાઈ છગનભાઈ પ્રજાપતિના દીકરા નિમેશભાઈની દર્શન કરવાની રાખેલી માનતા પૂર્ણ કરવા કમલેશભાઈ તેમનું કુટુંબ અને સંબધીઓ પાચ જણા કાર નંજીજે.૨.બીડી.૧૩૧૧ અને ૯ જણા તુફાન જીપ નંજીજે. ૦૯. બીબી. ૨૧૦૨માં શનિવારે રાત્રે નીકળ્યા ચોટીલા ચામુંડા જવા નીકળ્યા હતા.

દરમિયાન બાવળા નજીક રાત્રીના ૧૨ વાગેના સમયે જીપનું ટાયર પંચર થતા તે બદલવા માટે રોડ સાઈડે જીપ અને કાર પાર્ક કરી ટાયર બદલતા હતા ત્યારે જીપ અને કાર માં બેસેલા મુસાફરો બહાર ઉભા હતા ત્યારે કોઈ અજાણ્યા વાહને તુફાન જીપ અને કાર ને ટક્કર મારી ફરાર થઈ ગયેલ પરિણામે ટાયર બદલતા તુફાન જીપના ચાલક અને પ્રજાપતિ પરિવારના બે વ્યક્તિઓને શરીરે ગંભીર ઈજાઓ થતા સ્થળ પર મોત નીપજયા હતા જયારે છ ને ઈજાઓ થવા પામી હતી.

ત્રણ મૃતકોની લાશ અને ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર અર્થે બાવળા નજીક આરોગ્ય કેન્દ્રમાં ખસેડાયા હતા. અને બાવળા પોલીસ મથકે જાણ કરવામાં આવી હતી.ત્યાર બાદ રવિવારે સવારે ત્રણેય મૃતદેહો નું પોસ્ટમોર્ટમ કર્યા બાદ ત્રણેય મૃતદેહો અને છ ઈજાગ્રસ્તોને હિમતનગર લાવ્યા હતા અને હિમતનગરની ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે છ ઈજાગ્રસ્તોને દાખલ કરવામાં આવ્યા છે. જયારે ત્રણેય મૃતદેહોની અંતિમવિધિ પણ તેમના વતને કરવામાં આવી હતી.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD

Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ

ગુજરાત સરકાર માન્ય

ISO-9001:2008 COMPANY

સુવિધાઓ...

(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર

ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર TATA

ઓથોરાઈઝ્ડ ડીલર Castrol EXIDE INDUSTRIES LIMITED BRIDGESTONE JK TYRE

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮

ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦

મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦